SC/38/2009 ORDER

**સેશન્સ કેસ નં.૩૮/૨૦૦૯ વિગેરે**

**::– આંક–૨૩૮,૨૪૦ તથા ૨૭૬ હેઠળનો કોમન ઓર્ડર –::**

**(૧) આ કામે આંક–૨૩૮ થી આરોપી શેખ ઈકબાલ કાસમભાઈનાઓએ તથા આંક–૨૪૦ થી કામરાન સન ઓફ હાજી શાહીદ સીદ્દીકીનાઓએ તેઓને આ કામે તેઓ ન્યાયીક હવાલાતમાં છે ત્યારે મેડીકલ સારવાર ન મળતી હોવાની ફરીયાદો કરેલી છે.**

**(૨) આ બંને અરજીઓ ઉપર મારા પુરોગામી વિ.ન્યાયધીશ બંધુશ્રીએ જરુરી હુકમ કરી જેલ હોસ્પીટલના ડોકટર ઉપર નોટીસ કાઢી તેઓને વિગતવાર જવાબ આપવાનું જણાવેલું અને ત્યારબાદ રેકોર્ડ ઉપરથી જણાઈ છે તેમ તેઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૭૬ ની નોટીસ પણ કાઢેલી છે.**

**(૩) આંક–૨૭૬ થી સાબરમતી સેન્ટ્રલ જેલ હોસ્પીટલ ખાતેના મેડીકલ ઓફીસર ડો.શ્રી ડી.એસ.મહેતાનાઓએ તેમનો અત્યંત વિગતવારનો જવાબ આ કામે રજુ કરેલો છે.**

**(૪) આંક–૨૩૮ તથા ૨૪૦ ની બંને અરજીઓ વંચાણે લીધી તથા આંક–૨૭૬ નો વિગતવારનો વિસ્તૃત અહેવાલ ડો.શ્રીએ રજુ કર્યો છે તે પણ વંચાણે લીધો.**

**(૫) એ હકીકત નોંધનીય છે કે બંને અરજીઓ તા.૨૩–૯–૨૦૧૧ ના**

રોજની છે, જે પરનો ખુલાસો આંક–૨૭૬ વાળો તા.૧૯–૧૧–૨૦૧૧ ના રોજનો છે. જે તમામ પર કોઈ વિગતવારના હુકમો થયેલા નથી, જો કે આંક–૨૭૬ સ્વયં સ્પષ્ટ અને વિસ્તૃત અહેવાલ આપતો જવાબ છે. વળી વધુમાં તા.૧૯–૧૧– ૨૦૧૧ ના રોજ સદરહું ડો.શ્રી ડી.એસ.મહેતાનાઓએ મેડીકલ સારવાર બંને આરોપીઓને આપી હોવાનું દર્શાવતા સારવારના કાગળો પણ પોતાની સાથે લાવેલા હોવાનું તમામ રેકોર્ડ જોતાં જાણી શકાય છે.

(૬) આ અદાલતે એ હકીકતની નોંધ લિધેલી છે કે સમગ્ર ફરીયાદો, ખુલાસો વિગેરે સપ્ટેમ્બર થી નવેમ્બર–૨૦૧૧ દરમ્યાનના છે અને ત્યારપછી આ બાબતે સદરહું આરોપીઓને અન્ય કોઈ ફરીયાદ નથી. સાથે આ અદાલતને એવું માનવાને કારણ રહે છે કે બંને આરોપીઓને મેડીકલ સારવાર મળેલી છે. અદાલતના આ અનુમાનને ડો.શ્રી ડી.એસ.મહેતાના વિસ્તૃત ખુલાસાથી પુરતો ટેકો મળે છે કે જેમાં તેઓએ કઈ તારીખે,કયા આરોપીને, કઈ સારવાર આપી તથા કયા તજજ્ઞ થકી આપી, વિગેરે તમામ જણાવેલું છે, જે તમામ વંચાણે લેતા ન્યાયીક અંતરાત્માને આરોપીઓના અધિકારોનો ભંગ ન થતો હોવાનો સંતોષ થયેલો છે. જે સંજોગોમાં આ બંને આરોપીને મેડીકલ સારવાર ઉપલબ્ધ થઈ હોવાથી સદરહું બંને અરજીઓ આ તબકકે નિરર્થક બની રહે છે.

આંક–૨૭૬ વાંચતા મારા પુરોગામી વિ.ન્યાયધીશ બંધુશ્રીએ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૭૬ હેઠળ ડોકટરશ્રીને આપેલ નોટીસ

પણ ડીસ્ચાર્જ કરવાનું ન્યાયોચિત લાગે છે.

ઉપરોકત ચર્ચાએ નીચેનો આખરી હુકમ કર્યો.

**હુ ક મ**

(૧) આંક–૨૩૮ તથા આંક–૨૪૦ ની અરજીઓ આ તબકકે નિરર્થક ઠરતી હોવાનું ઠરાવી તે બંને અરજીઓ તે રીતે ફેસલ કરી.

(૨) આંક–૨૭૬ વાળો ડો.શ્રી ડી.એસ.મહેતાનો સંતોષકારક તથા વિસ્તૃત ખુલાસો વંચાણે લઈ તે રેકોર્ડ કર્યો અને તે વિગતો સંદર્ભે ડો.શ્રી ડી.એસ. મહેતા વિરુધ્ધની ભારતીય દંડ સંહીતાની કલમ–૧૭૬ ની નોટીસ આ અદાલતના મારા પુરાગોમી વિ.ન્યાયધીશ બંધુશ્રીએ આપેલી તે આથી ડીસ્ચાર્જ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૩) ઉપરોકત ત્રણેય વિગતોએ આંક–૨૩૮, આંક–૨૪૦ ફેંસલ કરી તથા આંક–૨૭૬ નો ખુલાસો દફતરે કર્યો, યાને કે રેકોર્ડ કર્યો.

આ હુકમ આજ રોજ તા.ર જી માહે– મે, સને–૨૦૧૨ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

અમદાવાદ
તા.૨–૫–૨૦૧૨

(ડો.શ્રીમતી જયોત્સના યાજ્ઞિક)
વિશેષ ન્યાયાધીશ,
ડેઝીગ્નેટેડ કોર્ટ ફોર સીરીયલ બોમ્બ
બ્લાસ્ટ કેસીસ,
કેમ્પ–અમદાવાદ